ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના૧૮૬૩
બારડોલી-વ્યારા-ભરૂચ

| તાપમાન | મહત્તમ | લઘુતમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૩૫.૦° સે. | ૨૩.૦° સે. |
| બારડોલી | ૩૫.૦° સે. | ૨૦.૦° સે. |
| ભરૂચ | ૩૬.૦° સે. | ૨૨.૦° સે. |
| વ્યારા | ૩૫.૦° સે. | ૨૦.૦° સે. |



# કંટવામાં નહેર તૂટતાં જળબંબાકાર

**ભરણ** અને શિયાલજ ગામનાં ખેતરોમાં નહેરનું પાણી ફરી વળ્યું, ઊભા પાકને વ્યાપક નુકસાન થવાની ભીતિ

**નહેરમાં** વહેતું પાણી બંધ કરાયું, સમારકામ કરી ત્રણ દિવસમાં પાણી ફરીથી શરૂ કરાશે


ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ માંગરોળ તાલુકામાં ઉકાઈ જમણા કાંઠાની મુખ્ય નહેરમાં અચાનક મોટું ભંગાણ પડતાં વહીવટી તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે. કંટવા ગામ પાસેથી પસાર થતી આ નહેરમાં ગાબડું પડવાને કારણે લાખો લિટર પાણીનો વ્યય થયો છે અને આજુબાજુનાં ખેતરોમાં પાણી ફરી વળ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર માંગરોળના કોસંબા નજીક આવેલા કંટવા ગામની સીમમાંથી પસાર થતી ઉકાઈ નહેરમાં પ્રથમ નાની તિરાડ પડી હતી, જે જોતજોતામાં મોટા ભંગાણમાં ફેરવાઈ ગઈ હતી. નહેર તૂટવાને કારણે ધસમસતો પાણીનો પ્રવાહ ભરણ ગામના ખેડૂતોનાં ખેતરોમાં ઘૂસી ગયો હતો. ખેતરોમાં પાણી ભરાઈ જવાથી ઊભા પાકને વ્યાપક નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. ખેતરોમાંથી વહીને આ પાણી શિયાલજ નજીક થઈ કીમ ખાડીમાં વહેવા લાગ્યું હતું. નહેરમાં ભંગાણની જાણ થતા જ સિંચાઈ વિભાગના ઉચ્ચ અધિકારીઓ તાકીદે ઘટના સ્થળે દોડી આવ્યા હતા. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે મુખ્ય હેડ પરથી નહેરનું પાણી તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવ્યું છે. જો કે, પાણી બંધ થવાને કારણે એક તરફ ખેતરોમાં ભરાયેલા પાણીથી પાકને નુકસાન થયું છે, તો બીજી તરફ સિંચાઈ માટે પાણીની જરૂરિયાત ધરાવતા અન્ય ખેડૂતો પણ મુશ્કેલીમાં મુકાયા છે. ઘટના સ્થળની મુલાકાત લેનાર અધિકારીઓએ જણાવ્યું હતું કે, નહેરમાં પડેલા ભંગાણનું સમારકામ યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવ્યું છે. આગામી ત્રણ દિવસમાં રિપેરિંગની કામગીરી પૂર્ણ કરી નહેરમાં ફરીથી પાણી છોડવામાં આવશે તેવી ખાતરી તંત્ર દ્વારા આપવામાં આવી છે. નહેર તૂટવા પાછળના ચોક્કસ કારણો જાણવા માટે પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

### કોંગ્રેસના દર્શન નાયકે મુખ્યમંત્રીને પત્ર લખી ભ્રષ્ટાચારના આક્ષેપ સાથે તપાસની માંગ કરી

કંટવા ગામની સીમમાં ઉકાઈ જમણા કાંઠાની કેનાલમાં પડેલા ગંભીર ભંગાણને પગલે ખેડૂતોના ઊભા પાકને વ્યાપક નુકસાન થયું છે. આ મામલે ખેડૂત નેતા અને પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયકે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રજૂઆત કરી તટસ્થ તપાસની માંગ કરી છે. દર્શન નાયકે આક્ષેપ કર્યો છે કે, દર વર્ષે મરામતના નામે કરોડો રૂપિયાનો ખર્ચ કરવા છતાં કેનાલોની હાલત બદતર છે, જે જળસંપત્તિ વિભાગમાં વ્યાપક ભ્રષ્ટાચાર તરફ ઈશારો કરે છે. તેમણે માંગ કરી છે કે અસરગ્રસ્ત ખેડૂતોને તાત્કાલિક વળતર આપવામાં આવે અને બેદરકાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી થાય. વધુમાં, દક્ષિણ ગુજરાતની ઉકાઈ-કાકરાપાર કેનાલ સિસ્ટમમાં છેલ્લાં વર્ષોમાં થયેલાં કામોનું ઉચ્ચસ્તરીય ટેકનિકલ ઓડિટ કરાવવાની પણ માંગણી કરવામાં આવી છે. વારંવાર રજૂઆતો છતાં નક્કર પગલાં ન લેવાતાં ખેડૂતોને આર્થિક પાયમાલી સહન કરવાનો વારો આવ્યો છે.

## ડેડિયાપાડામાં અંગ્રેજોના સમયના રસ્તા પર દબાણ ! ગ્રામજનો લડાયક મૂડમાં



**SDMને** આવેદનપત્ર પાઠવી તાત્કાલિક પગલાં લેવાની માંગ કરી

ડેડિયાપાડાઃ ડેડિયાપાડાના ગ્રામજનોએ જાહેર હિતમાં જૂના રસ્તાના સમારકામ અને નવા રસ્તાના નિર્માણમાં ઊભી કરવામાં આવી રહેલી અડચણો સામે આક્રોશ વ્યક્ત કર્યો છે. આ બાબતે SDMને આવેદનપત્ર પાઠવ્યું હતું.

ડેડિયાપાડા SDMને લેખિતમાં અસરગ્રસ્ત ગ્રામજનોએ લેખિતમાં આવેદનપત્ર પાઠવ્યું હતું કે, ડેડિયાપાડા ગામનો આંતરિક રસ્તો ત્રિમૂર્તિ-ભરવાડચાલી મોડલ રોડને જોડે છે, જે અંગ્રેજો સમયથી સ્ટેશન રોડથી ભરવાડચાલી અને થાણા ફળિયા થઈને મોજદા રોડ સુધી જવા માટેનો મુખ્ય રસ્તો છે. આ રસ્તો ઘણા વર્ષોથી પાકો હતો, પરંતુ તે તૂટી જતાં નવો રસ્તો મંજૂર કરવામાં આવ્યો છે. જો કે, ગામના વસાવા વિશાલભાઇ રમેશભાઇ અને વસાવા ભાવિન ઉર્ફે ભોલો શંકરભાઈએ રસ્તાના નિર્માણમાં અવરોધ ઊભો કર્યો છે.

વધુમાં જણાવ્યું હતું કે, આ બંને વ્યક્તિએ રસ્તા પર દુકાનો બનાવી દીધી છે અને રસ્તો બંધ કરી દીધો છે. તેઓ જાહેર જમીન પર કબજો કરીને સરકારી નિયમોનો ભંગ કરી રહ્યા છે. છેલ્લાં 20-25 વર્ષથી રસ્તાના કામને રોકવામાં આવી રહ્યું છે. રસ્તા ઉપરાંત ગ્રામજનો રોજબરોજના વ્યવહાર, માલસામાનના વહન, પાણી ભરવા અને ફરવા માટે અન્ય કોઈ વિકલ્પ વગર આ જ રસ્તા પર નિર્ભર છે. વરસાદી મોસમમાં તો હાલત વધુ ખરાબ થઈ જાય છે. જો તાત્કાલિક રસ્તો ખોલીને પાકું બાંધકામ શરૂ નહીં કરવામાં આવે, તો સમગ્ર ગ્રામજનો ઉપવાસ અને ધરણા કરવા મજબૂર થશે, તેવી ચીમકી આપી છે.

# લડાઈમાં હારેલો ‘શિકારી’ દીપડો જીવ બચાવવા ઘરમાં ભરાયો !

**વાડી** ભેંસરોટ ગામની ઘટના, આજબાજુના લોકો ઘરમાં પુરાઈ રહ્યા

**દીપડાને** નખ અને અન્ય ભાગે ઇજા થતાં સારવાર કરાઈ, રાત્રે દીપડો પાંજરામાં કેદ થયો



સોનગઢઃ ઉકાઈ વિસ્તારના વાડી ભેંસરોટ ગામે એક જખમી દીપડો અચાનક ગામના રહેણાક વિસ્તારમાં ઘૂસી ગયો હતો. નવી ડુંગરી ફળિયામાં રહેતા રવિન્દ્ર ગંજી ગામીત બુધવારે 11 વાગ્યાના અરસામાં ખેતરમાં પાણી વાળવા ગયા હતા. દરમિયાન ઘરમાં કોઈ હાજર ન હતું. દીપડો ઘરમાં ભરાયાની જાણ થતાં જ આજબાજુના લોકો ઘરમાં પુરાઈ રહ્યા હતા.

ઉકાઈ વિસ્તારના વાડી ભેંસરોટ ગામે બે દીપડા વચ્ચે લડાઈ થયેલી હોવાના કારણે એક દીપડો જખમી અને થાકેલી હાલતમાં ભટકી ગામમાં આવી ગયો હતો અને સીધો નવી ડુંગરી ફળિયામાં રહેતા રવિન્દ્ર ગંજી ગામીતના ઘરમાં ઘૂસી ગયો હતો. બુધવારે 11 વાગ્યાના અરસામાં ખેતરમાં પાણી વાળવા ગયા હતા. દરમિયાન ઘર બંધ હતું. આ ઘટનાની જાણ થતા ગામમાં ભયનો માહોલ સર્જાયો હતો. ગ્રામજનો સુરક્ષિત રહેવા માટે આસપાસનાં મકાનોમાં ભેગા થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને પરિસ્થિતિ કાબૂમાં લેવા માટે પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. અનેક કલાકોની મહેનત અને ગ્રામજનોના ઉજાગરા બાદ આખરે રાત્રે લગભગ 2 વાગ્યે દીપડો પાંજરામાં કેદ થયો હતો. ત્યારબાદ ગ્રામજનો, વન વિભાગ અને રેસ્ક્યુ ટીમે રાહતનો શ્વાસ લીધો હતો. દીપડાને સલામત રીતે પકડીને સોનગઢ નજીક કિકાકુઇ સ્થિત રેસ્ક્યુ સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરો દ્વારા તેના નખ અને અન્ય ઈજાઓની સારવાર શરૂ કરવામાં આવી હતી. પ્રાથમિક તારણ મુજબ દીપડો અન્ય દીપડાની સાથે થયેલી લડાઈમાં જખમી થઈ ગભરાઈને ગામમાં આવી ગયો હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

### બોરીકૂવા ગામે દીપડાએ બે બકરીનો શિકાર કર્યો

કુકરમુંડાઃ કુકરમુંડાના બોરીકૂવા ગામે દીપડાનો આતંક ફરી એકવાર સામે આવ્યો છે. ગામના ખેતર વિસ્તારમાં દીપડાએ બે બકરી પર હુમલો કરી એકને ફાડી ખાઈ જતાં અને બીજી બકરીનું ગળું પકડી મોત નીપજાવતાં પશુપાલકોમાં ભયનો માહોલ સર્જાયો છે. બોરીકૂવા ગામના જોલાભાઈ રૂબજીભાઈ પાડવીના સરવે નં.50/2ના મકાઈના ખેતરમાં દીપડાએ એક બકરીને ખેંચી જઈ ફાડી ખાધી હતી. જ્યારે બીજી બકરી સંતોષભાઈ ઓલ્યાભાઈ વળવીની હોવાનું જાણવા મળ્યું છે, તેને ગળામાં પકડી મોતને ઘાટ ઉતારી હતી. ઘટના સ્થળ ગામની પ્રાથમિક શાળાના પાછળના ભાગે આવેલા ખેતર વિસ્તારમાં હોવાથી બાળકો અને ગ્રામજનોમાં ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. આ ઘટનાને પગલે ગ્રામજનોએ વન વિભાગ પાસે તાત્કાલિક પાંજરું મૂકવાની માંગ કરી છે.

જો કે, ગ્રામજનોમાં હજી પણ ભયનો માહોલ યથાવત છે અને વિસ્તારમાં અન્ય દીપડાઓ ફરતા હોવાની શક્યતા હોવાથી વધુ પાંજરાં ગોઠવવાની માંગ ઊઠી રહી છે.

# ગેસના અભાવે બારડોલીમાં ‘ચૂલા યુગ’ની વાપસી: હોટલોમાં ફરી કોલસાનો ઉપયોગ

**શહેરનો** ધમધમતો હોટલ અને ખાણીપીણીનો વ્યવસાય ગંભીર સંકટમાં મુકાયો

બારડોલીઃ ઈઝરાયેલ, અમેરિકા અને ઈરાન વચ્ચે છેડાયેલા જંગની સીધી અને માઠી અસર અત્યારે બારડોલીના સ્થાનિક અર્થતંત્ર પર વર્તાઈ રહી છે. ખાડી દેશોમાં સર્જાયેલી યુદ્ધની સ્થિતિને કારણે ગેસના પુરવઠામાં મોટો વિક્ષેપ પડતાં બારડોલીમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો સપ્લાય સદંતર ઠપ થઈ ગયો છે, જેના પરિણામે શહેરનો ધમધમતો હોટલ અને ખાણીપીણીનો વ્યવસાય ગંભીર સંકટમાં મુકાયો છે. કેટલાક હોટલ સંચાલકો ચૂલા અને કોલસાની સગડીનો ઉપયોગ કરી રહ્યા છે.

સ્થાનિક ગેસ એજન્સીઓના જણાવ્યા અનુસાર, આંતરરાષ્ટ્રીય સ્તરે ઉત્પાદન ખોરવાતાં હાલ માત્ર ઘરેલું વપરાશના સિલિન્ડરોને જ પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. આ સ્થિતિને કારણે વ્યાપારી હેતુ માટે વપરાતા ગેસનો જથ્થો મળવો બંધ થયો છે.

પરિણામે, બારડોલીની જાણીતી હોટલો, રેસ્ટોરન્ટ્સ અને ખાણીપીણીની લારીઓ પર તાળાં વાગવાની નોબત આવી છે. ખાસ કરીને ફરસાણના ઉત્પાદકો, પાઉં ભાજી અને પાઉંવડાં જેવી લોકપ્રિય વાનગીઓ પીરસતા સ્ટોલ તેમજ ઈટાલિયન અને મેક્સિકન ફૂડના સ્પેશિયાલિસ્ટો અત્યારે સિલિન્ડરના અભાવે લાચાર બન્યા છે.

જેમની પાસે જૂનો સ્ટોક બચ્યો છે તેઓ અત્યારે કામ ચલાવી રહ્યા છે, પરંતુ ગમે ત્યારે આ વ્યવસાયો પણ બંધ થઈ શકે તેવી પૂરી શક્યતા છે. આર્થિક ફટકાની સાથે શહેરના સ્વાદ શોખીનોમાં પણ નિરાશા જોવા મળી રહી છે. જો ખાડી ક્ષેત્રમાં તણાવ લાંબો સમય ચાલશે, તો બારડોલીના ફૂડ સેક્ટર સાથે જોડાયેલા સેંકડો પરિવારો સામે મોટું આર્થિક જોખમ ઊભું થશે.



### અંકલેશ્વરમાં માટીની સગડીએ લીધી બજારમાં એન્ટ્રી

અંકલેશ્વર, ભરૂચઃ મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભૂ-રાજકીય તણાવની આડકતરી અસર હવે અંકલેશ્વરની રસોડા પર પડી છે. ગેસ સપ્લાય પર પડેલી સાંકળની અસરને કારણે શહેરમાં ગેસ સિલિન્ડરની ભારણે અછત સર્જાઈ છે. આ કટોકટીએ લોકોને તેમના પૂર્વજોનો વારસો યાદ અપાવ્યો છે અને ‘માટીની સગડી’ની માંગમાં વધારો થયો છે. શહેરની હોટલો, ચાની લારીઓ અને નાસ્તાના ઠેલાઓ પર હવે ગેસના બદલે માટીની સગડી પર ખાણાં-પીણી તૈયાર થતા જોવા મળી રહ્યા છે. ઓછી કિંમત અને સરળ ઉપયોગિતાને કારણે સગડી આ કપરા સમયમાં સૌથી સસ્તો અને અસરકારક વિકલ્પ સાબિત થઈ રહી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### માંડવીના વરજાખણ ગામે અકસ્માતમાં મજૂરનું મોત

માંડવી: બારડોલીના કડોદ ગામના એક મજૂરનું માર્ગ અકસ્માતમાં મોત થયું હતું. ગત તા.18 માર્ચની રાત્રે માંડવીથી બારડોલી જતાં માર્ગ પર વરજાખણ ગામ નજીક એક અજાણ્યા વાહન ચાલકે બેદરકારીપૂર્વક વાહન હંકારતાં રસ્તા પર ચાલતા વ્યક્તિને અડફેટે લીધો હતો. આ અકસ્માતમાં કડોદ ગામના દેસાઈ ફળિયામાં રહેતા સોમાભાઈ બાલુભાઈ રાઠોડ (ઉં.વ.42)ને ગંભીર ઇજાઓ પહોંચતાં તેમનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જનાર વાહન ચાલક ઘટના બાદ પોતાનું વાહન લઈને ફરાર થઈ ગયો હતો. મૃતક સોમાભાઈ મજૂરી કામ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા અને હટવાડા બજારમાં કાંદા-બટાકાના વેપાર સાથે સંકડાયેલા હતા. ઘટનાના પગલે તેમના પરિવાર પર શોકનો માહોલ છવાઈ ગયો છે. આ બનાવ અંગે મૃતકની માતા કંકુબેને પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### માંગરોળમાં બાઈક અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત સર્જાતાં યુવાનનું મોત


વિનોદ મૈસુરીયા

વાંકલ: માંગરોળના વાંકલ-લવેટ માર્ગ પર ગત રાત્રિએ સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં લવેટના ગોડાઉન ફળિયામાં રહેતા ૧૯ વર્ષીય યુવાન મિહિર હિંમતભાઈ ચૌધરીનું મોત નીપજ્યું હતું. ગુજરાત એગ્રો કંપનીમાં નોકરી કરતો મિહિર બાઈક પર ઘરે પરત ફરી રહ્યો હતો, ત્યારે વાંકલની સીમમાં આગળ જઈ રહેલા ટ્રેક્ટર ચાલકે અચાનક બ્રેક મારતાં બાઈક ટ્રોલી પાછળ ધડાકાભેર અથડાઈ હતી. ગંભીર ઈજા થતાં જીવ ગુમાવ્યો હતો. આ બનાવમાં ટ્રેક્ટર ચાલક વાહન મૂકી ફરાર થઈ ગયો હતો. મૃતકના પિતાની ફરિયાદના આધારે માંગરોળ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વાંસદારૂઢી ગામે આગળના વાહનમાં ટેમ્પો અથડાતાં ચાલકનું મોત

કામરેજ: મૂળ ઉત્તરપ્રદેશ અને હાલ વડોદરાના ચામુંડા રોડવેઝની ઓફિસમાં રહીને ટેમ્પો નં.(એમએચ 48 સીક્યુ 3072) પર છેલ્લા દોઢ વર્ષથી ડ્રાઈવર તરીકે નોકરી કરતા કનૈયાલાલ અમરનાથ યાદવ (ઉં.વ.35)નું કામરેજના વાંસદારૂઢી ગામની હદમાં ભારતમાલાના મુંબઈ-અમદાવાદ હાઈવે પર સફેદ રંગનો ટાટા સીંગ્ના મોડેલનો જીજે 16 એડબ્લ્યૂ 6350 બંધ હાલતમાં પડેલો હતો. તેની પાછળ સવારે આશરે 6.30 કલાકે પાછળ ટેમ્પો અથડાઈ જતાં ટેમ્પોની કેબિનમાં ડ્રાઈવર કનૈયાલાલ દબાઈ જતાં ક્રેનની મદદથી કેબિનમાંથી કાઢતાં મોત નીપજ્યાનું જણાયું હતું. આ અંગે કામરેજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કારેલીમાં રૂ.૫૦ હજારની બાઈક ચોરાઈ

સાયણઃ કારેલી ગામે રહેતા મૂળ ઓડિશાના મહેન્દ્ર ગૌરાહરી મલિકની રૂ.50 હજારની મોટરસાઇકલ નં.(GJ-05-NX-5652) ગત ૧૩મીની રાત્રે ઘર આંગણેથી ચોરાઈ હતી. આ મામલે યુવકે ‘સિટિઝન ફર્સ્ટ’ પોર્ટલ પર ઈ-એફ. આઈ.આર. નોંધાવતાં ઓલપાડ પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### દસ્તાનમાં અજાણ્યા પુરુષની લાશ મળી

પલસાણાઃ દસ્તાનમાં એના-કીમ ટોલ રોડ પાસેથી આશરે 40થી 45 વર્ષના એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો. પલસાણા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી, મૃતદેહનો કબજો મેળવી તપાસ હાથ ધરી છે. પ્રાથમિક દૃષ્ટિએ મોતનું કારણ અકસ્માત હોવાનું જણાય છે.

### ઓલપાડમાં વૃદ્ધ ગુમ થતાં ફરિયાદ

સાયણઃ ઓલપાડ ટાઉનના ઘાંચીવાડમાં નટવરભાઇ કાળીદાસ રાણા (ઉં.વ.૭૦) નિવૃત્ત જીવન ગુજારતા હતા. જેઓ ગત ૨૮/૨/૨૦૨૬ના રોજ સાંજે પથી બપોરે ૧૨ વાગ્યાના સમયગાળામાં પોતાના ઘરમાંથી કોઈને પણ કહ્યા વિના ક્યાંક ચાલ્યા ગયા હતા. જેથી પરિવારે તેમની ખુબ શોધખોળ કરવા છતાં મળ્યા ન હતા. આ બાબતે ગુમ થનાર વૃદ્ધની પત્ની ઉષાબેન રાણાએ ઓલપાડ પોલીસ મથકમાં જાણ કરી છે.

### ખડખંડાલી ગામે અકસ્માતમાં એક ઘાયલ

ભરૂચઃ વાગરાના ખડખંડાલી ગામ પાસે પૂરઝડપે આવતા ટેમ્પોએ થ્રી-વ્હીલર નં.(GJ-23-Z-8799)ને જોરદાર ટક્કર મારતાં જંબુસરના પ્રકાશભાઈ પટેલને માથા અને પગના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. પ્રકાશભાઈ જંબુસરથી વાગરા તરફ સામાન લઈને જઈ રહ્યા હતા, ત્યારે સામેથી આવતા આયસર ટેમ્પો નં.( GJ-05-AV-7076 )ના ચાલક સલમાન ઇલ્યાસ દીવાન (રહે.,વાગરા)એ અડફેટે લેતાં તેઓ વાહન સાથે નીચે પટકાઈ ગયા હતા. ઈજાગ્રસ્તને તાત્કાલિક ૧૦૮ મારફતે વડોદરાની SSG હોસ્પિટલ ખસેડાયા છે. ભત્રીજા મયૂરભાઈની ફરિયાદના આધારે વાગરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વ્યાજખોરોનો આતંકઃ ૧૦થી ૨૦ ટકા વ્યાજ વસૂલી યુવકને હત્યાની ધમકી

**પલસાણામાં** પત્નીની સારવાર અને વ્યવસાય માટે નાણાં લેવાનું યુવાનને ભારે પડ્યું

પલસાણાઃ પલસાણાના દસ્તાન ગામે રહેતા એક યુવકને પત્નીની સારવાર અને ધંધા માટે લીધેલાં નાણાં પર ઊંચું વ્યાજ વસૂલી, ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપતાં બે વ્યાજખોર વિરુદ્ધ પલસાણા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

દસ્તાન રેસિડેન્સીમાં રહેતા અને ડ્રાઈવિંગ કરી પરિવારનું ગુજરાન ચલાવતા પરાગભાઈ જાનીએ નોંધાવેલી ફરિયાદ મુજબ એકાદ વર્ષ પહેલા તેમની પત્ની ગર્ભવતી હોવાથી સારવાર માટે નાણાંની જરૂર પડી હતી. તેમણે સીતાનગર ચોકડી પાસે રહેતા વિક્રમભાઈ ગલાણી (ભરવાડ) પાસેથી કટકે-કટકે કુલ ૨,૪૦,૦૦૦ રૂપિયા વ્યાજે લીધા હતા. વિક્રમભાઈ આ રકમ પર દર મહિને ૧૦ ટકાથી ૨૦ ટકા જેટલું ઊંચું વ્યાજ વસૂલતા હતા. વિક્રમભાઈના વ્યાજના પૈસા ચૂકવવા માટે પરાગભાઈએ રાહુલભાઈ ભરવાડ (રહે.,લસકાણા) પાસેથી ૭ ટકા માસિક વ્યાજે વધુ ૧,૫૦,૦૦૦ રૂપિયા લીધા હતા. ફરિયાદીએ અત્યાર સુધીમાં લાખો રૂપિયા વ્યાજ પેટે ચૂકવી દીધા હોવા છતાં, બંને આરોપી વધુ નાણાં માટે દબાણ કરતા હતા. નાણાં ન ચૂકવાય તો ફોન પર ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપવામાં આવતી હતી. આરોપીઓ એવી પણ ધમકી આપતા હતા કે જો પોલીસ પાસે જશો તો અમારી પર કોઈ કાર્યવાહી નહીં થાય અને તમને ખોટા કેસમાં ફસાવી દઈશું, જેના ડરથી ફરિયાદી અત્યાર સુધી સામે આવ્યા ન હતા. અંતે કંટાળીને યુવકે પલસાણા પોલીસમાં ન્યાયની ગુહાર લગાવી છે. હાલમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર સુરેશભાઈ દદુભાઈ ગોવાળીયા આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.

# ટોલનાકા મુદ્દે વિરોધ યથાવત કરંજમાં ગ્રામજનોનો ચક્કાજામ


હિતેશ પટેલ

**ટોલનાકાની** એક બાજુ ખેતર અને બીજી બાજુ ગામ, સ્થાનિકો પાસેથી ટોલ વસૂલીનો વિરોધ

માંડવીઃ માંડવી-કીમ રોડ પર ટોલનાકા મુદ્દે સ્થાનિક ગ્રામજનોનો વિરોધ દિવસેને દિવસે ઉગ્ર બની રહ્યો છે. ગઈકાલે માંડવીના ઝરપણ ગામે વિરોધ નોંધાયા બાદ ગુરુવારે કરંજ ગામે પણ ગ્રામજનો રસ્તા પર ઊતરી આવ્યા હતા અને ચક્કાજામ કરી પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો.

કરંજ ગામના સરપંચ અને તાલુકા સંગઠન મહામંત્રી અલ્પેશ પટેલ અને હરિયાલ ગામના સરપંચ સહિત મોટી સંખ્યામાં લોકો રોડ પર એકત્રિત થઈ ટ્રાફિક અવરોધ કર્યો હતો, જેના કારણે વાહન વ્યવહાર પર અસર પડી હતી. ગ્રામજનોનો આક્ષેપ છે કે આશરે 45 કિલોમીટરના રોડ પર બે ટોલનાકાં ઊભાં કરવામાં આવ્યાં છે, જેના કારણે રોજબરોજની અવરજવર મુશ્કેલ બની ગઈ છે. સ્થાનિકો જણાવે છે કે, ટોલનાકાની એક બાજુ ખેતર અને બીજી બાજુ ગામ આવેલું હોવાથી, ખેડૂત અને ગ્રામજનોને વારંવાર ટોલ ચૂકવવો પડે છે. વધુમાં સ્થાનિકો પાસેથી 35 રૂપિયા ટોલ વસૂલાત કરવામાં આવતું હોવા અંગે પણ નારાજગી વ્યક્ત કરવામાં આવી છે.

ટોલમુક્તિ અથવા સ્થાનિકો માટે રાહતની માંગ સાથે ગ્રામજનો સતત આંદોલન કરી રહ્યા છે. પોલીસ દ્વારા સ્થળ પર પહોંચી પરિસ્થિતિ કાબૂમાં રાખવા માટે બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

## બામણીયા પાસે બાઈકની ટક્કરે વૃદ્ધનું મોત

અનાવલઃ મહુવાના કઢૈયા ગામના નિશાળ ફળિયામાં રહેતા મોહનભાઇ નારણભાઈ ચૌધરી (ઉં.વ.75) ગત સાંજે મહુવા સુગર પાસે દવા લઈને પગપાળા ઘરે પરત ફરી રહ્યા હતા. દરમિયાન બામણીયાથી કહૈયા તરફ જતા રોડ પર ઈશ્વરભાઈ ગરાસીયાના ખેતર પાસે પાછળથી પૂરઝડપે આવેલી બજાજ બોક્સર મોટરસાઈકલ નં.(GJ-19-H-7897)ના ચાલક પારસભાઈ શાહ (રહે., કરચેલિયા, મહુવા)એ તેમને જોરદાર ટક્કર મારી હતી.

અકસ્માતને પગલે મોહનભાઈને માથા અને શરીરના ભાગે ગંભીર ઈજા પહોંચતાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને પ્રથમ મહુવા સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવમાં મૃતકના પુત્ર શૈલેષભાઈ ચૌધરીની ફરિયાદના આધારે મહુવા પોલીસે બાઈક ચાલક પારસભાઈ શાહ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પારડી વાઘાથી તરભોણ-છીત્રાને જોડતા નવા માર્ગમાં રસ્તો અધૂરો!

**એક્સપ્રેસ** વેના પુલ નીચેનો અંદાજિત ૨૦૦ મીટરનો ટુકડો અધૂરો છોડી દેવાયો

બારડોલીઃ બારડોલીના પારડી વાઘા ગામથી તરભોણ-છીત્રા જતાં એપ્રોચ રોડનું નિર્માણ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું હોવા છતાં, એક્સપ્રેસ વેના પુલ નીચેનો અંદાજિત ૨૦૦ મીટરનો ટુકડો અધૂરો છોડી દેવાતાં વાહનચાલકો અને ખેડૂતો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.

વર્ષોથી પારડી વાઘા, તરભોણ અને છીત્રા જેવા ગામો આ મુખ્ય માર્ગ દ્વારા એકબીજા સાથે જોડાયેલા છે. તાજેતરમાં તંત્ર દ્વારા આ માર્ગને નવો બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. રસ્તા પર ડામરકામ કરીને તેને ચકાચક બનાવી દેવામાં આવ્યો છે, પરંતુ નવાઈની વાત એ છે કે એક્સપ્રેસ વેના પુલ નીચે નહેર પાસે આવતા માત્ર ૨૦૦ મીટરના અંતરમાં ડામરકામ



કરવામાં આવ્યું નથી. માર્ગ અને મકાન વિભાગ તેમજ સંબંધિત એજન્સી વચ્ચે સંકલનનો અભાવ હોવાનું સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે, જેના કારણે આ ટૂંકો રસ્તો તૈયાર થઈ શક્યો નથી.

આ માર્ગ માત્ર અવરજવર માટે જ નહીં, પરંતુ પશુપાલકો અને ખેડૂતો માટે પણ જીવાદોરી સમાન છે. ખેત પેદાશોની હેરફેર અને દૂધ મંડળી સુધી પહોંચવા માટે આ ટૂંકો અને સરળ રસ્તો છે. જો કે, માત્ર ૨૦૦ મીટરના કાચા અને બિસમાર રસ્તાને કારણે વાહનચાલકોએ હવે કિ.મી. સુધીનો ચકરાવો મારવાની નોબત આવી છે.